સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

દુ:ખમાં દીનદયાળનું ચિંતન યાદ આવે છે,
‘એકાંત’માં સ્નેહીનું જતન યાદ આવે છે.
યાદ આવે છે આંખનાં રતન જેવા છૈયાં - છોરાં,
કપરા કાળે જન્મભોમ, વતન યાદ આવે છે...

હાઈકુ

જન્મ સ્થળની -
માટીની મ્હેક જાણે -
માતાની ગોદ...

છો લૂખું - સૂકું
વતનના ધાવણે -
ભરાય પેટ....

ચિંતન

મધુમન્મે નિક્રમણં મધુમન્મે પરાયણમ્ ।
વાચા વદોમિ મધુમદ્ ભૂયાસં મધુસંદ્રશઃ ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

જેમના વ્યવહાર, ક્રિયા અને વાણીમાં મધુરતા હોય છે તેમને બધા પ્રેમ કરે છે. જેમનો સ્વભાવ મધુર હોય છે તેઓ જ સંસારમાં શુભ કર્તા તથા ઉપકાર કરે છે.

મધુરતામાં અદ્ભૂત સામર્થ્ય રહેલું છે. સામર્થ્ય અને આત્મવિશ્વાસની ઊણપના કારણે જ અનેક લોકો કઠોર વચનોનો ઉપયોગ કરે છે તથા પોતાના દોષો બીજાના માથા પર નાખવા માંગે છે. ઉદારમનના પરોપકારી લોકો અત્યંત નમ્ર રહે છે.

જેના અંતઃકરણમાં પ્રાણી માત્ર પ્રત્યે દિવ્ય આત્મીયતાનો ભાવ જાગ્રત થાય છે તેનો વ્યવહાર પણ નમ્ર અને મધુર બની જાય છે. સાચી મધુરતા જીભની નહી, પણ આચરણની હોય છે.

સુવિચાર

- એક યહૂદી પ્રાર્થના... ‘હે પ્રભુ, મને ઓછો બોજો નથી ખપતો... હું તો માંગું છું... ખમતીધર ખભો...!!’ - **ચિત્રલેખા**
- સંપત્તિ અનેક મિત્રો ઊભા કરે છે, પરંતુ નિર્ધન પોતાના પાડોશીથી પણ અળગા થઈ જાય છે - **બાઈબલ**
- નિરાશાનો ગૂઢ ધક્કો બુદ્ધિને શૂન્ય કરી દે છે, જેવી રીતે લકવા શરીરને - **ગ્રેવિલ સાઈમન**
- જ્ઞાન ઈચ્છાની આંખ છે, તે આત્માની નાવને પાર કરાવનાર પણ થઈ શકે છે - **વિલ ડ્યુરાન્ડ**
- જીવન રહસ્ય છે, જીવી શકાય છે અને જીવીને પણ જાણી શકાય છે. પરંતુ ગણિતના દાખલાની જેમ તે ઉકેલી શકાયું નથી - **રજનીશ**
- અધૂરું કાર્ય અને અપરાજિત શત્રુ વણબુઝાયેલા તણકા જેવા છે - **જીવન પાથેય**
- આજનું ઔષધ : ગોળના ઉકાળામાં કાળા મરીનો પાઉડર અને તુલસી નાખી છેલ્લી લીંબુ નીચોવીને ગરમાગરમ પીવાથી મેલેરિયાનો તાવ મટે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ઊંટ વેચતા મેળામાં એક વેપારીએ એક ઊંટ ખરીદ્યું. ઘરે આવીને ઊંટ પરની ગાદી અને બેઠક ઉતારતી વખતે તે ગાદીમાંથી સોનાની સેર જમીન પર પડી. વેપારીએ ગાદીના પોલાણમાં સોનાના ઘરેણા ભરેલી એક નાનકડી થેલી મળી. વેપારીને રાત્રે ઊંઘ ન આવી. સવારે પેલી થેલી લઈ તેઓ ઊંટ વેચનારને મેળામાં શોધવા નીકળી ગયા. પેલા વેચનારે કબૂલ્યું કે ઝવેરાતની થેલી એ કાઢવાની ભૂલી ગયો હતો. ઊંટ વેચનારે વેપારીની પ્રામાણિકતા જોઈને કહ્યું, ‘મહાશય, આપનો ખૂબ ખૂબ આભાર. આપને ગમતું કોઈ એક ઘરેણું આમાંથી લઈ જાઓ. એ મારા તરફથી આપને ઈનામ છે.’ લેનાર વેપારીએ જવાબમાં કહ્યું, ‘મેં તમારી પાસેથી વાજબી કિંમતે ઊંટ ખરીધ્યું છે. ભૂલથી એની સાથે આવેલા ઘરેણાં પર મારો હક ન ગણાય.’ ઊંટ વેચારને ફરી આગ્રહ કરવાનો ચાલુ રાખ્યો ત્યારે લેનારે કહ્યું, ‘ભાઈ આ થેલીનું ઝવેરાત પાછું આપવાનો નિર્ણય કર્યો ત્યારે જ એમાંથી મેં બે કિંમતી ઘરેણા કાઢીને મારી પાસે રાખી લીધા છે.’ આ સાંભળી ઊંટ વેચનાર ચમક્યો એણે થેલી ખોલી ઘરેણા ગણીને કહ્યું, ‘મારું બધું ઝવેરાત તો અકબંધ છે, તમે કયાં બે ઘરેણાં તમારી પાસે રાખ્યા છે?’ લેનાર વેપારીએ કહ્યું, ‘એ બે કિંમતી ઘરેણા છે મારી પ્રામાણિકતા અને મારું આત્મસન્માન...’

ત્રીજા તબક્કાનું અનુષ્ઠાન

તંત્રીસ્થાનેથી...

આખરે કેન્દ્ર સરકારને લોકડાઉનની અવધિ લંબાવવાની ફરજ પડી છે, કારણ કે કોરોના સંક્રમણની ગતિ ધીમી પાડવામાં સફળતા સાંપડી હોવા છતાં એને નિયંત્રણમાં લઈ શકાયું નથી. દેશનાં મહાનગરો હોટસ્પોટમાં ફેરવાઈ ગયાં છે અને રોજે રોજ સંક્રમિતોની સંખ્યા તથા મરણાંક વધતો જાય છે. આશ્વાસન માત્ર એ મુદ્દે લઈ શકાય છે કે અમેરિકાની જેમ આપણે ત્યાં મરણાંક લાખ નજીક નહીં પહોંચે - એ પહેલાં મહામારીને વિદાય આપી શકાશે. દેશમાં કોરોનાએ સૌથી કફોડી હાલત મજૂરોની કરી છે, જેમને હવે થાકીહારીને સરકાર એમના વતન સુધી પહોંચાડવા સહમત થઈ છે, રોજગાર ગુમાવી બેઠેલા અને ભૂખમરો વેઠી રહેલા શ્રમિકોએ તો લોકડાઉનના પ્રારંભે જ વહાલા વતન ભણી આંધળૂકિયાં કરી દોટ મૂકી જ હતી. ત્યારે સરકારે દંડાવાળી કરીને એમને જ્યાં છો ત્યાં જ સ્થિર થઈ જાઓ - એવો હઠાગ્રહ કરી રોકી રાખેલા. આવા કરોડો લોકો માટે લોકડાઉન સમયગાળો નરકયાતના સમો બની રહ્યો હતો. ઘણા હજારો કિલોમીટર પગપાલા ચાલીને વતન પહોંચ્યા હતા; કેટલાકે અધવચ્ચે જ દમ તોડી દીધો હતો અને બાકીનાઓને ભિખારી જેવી હાલતમાં રાજય સરકારોના આશરે અનેક અડચણો સાથે શિબિરોમાં ગોંધાઈ રહેવું પડ્યું હતું. આખરે સરકારને સમજાયું છે કે જો એમને રોજીરોટી ન આપી શકાતી હોય તો કમ સે કમ વતન પહોંચાડવા જેટલી દયા તો દાખવવી જ રહી. ખાસ ટ્રેનો દોડાવી આવા શ્રમિકોને પોતપોતાના વતનના રાજયમાં પહોંચાડવાનો નિર્ણય એમના માટે તો જનમટીપની સજામાંથી છૂટનારા કેદીને થાય એવો આનંદદાયક બની રહેશે. મરવા માટે પણ વતનની માટી નસીબ થાય તો ક્યાંથી! બહાદુર શાહ ઝફરની પેલી યાદગાર આરજુ યાદ આવી જાય : દો ગજ જમીં ભી ન મિલી કુએ યાર મેં... લોકડાઉન અનંતકાળ સુધી લંબાવવાથી તો કોરોનાથી મરનાર કરતાં ભૂખમરાથી મરનારાઓની સંખ્યા વધી જશે - એવો સ્પષ્ટ અભિપ્રાય નારાણય મૂર્તિ જેવા વિચક્ષણ ધનકુબેર આપતા હોય ત્યારે સરકારે આ છેલ્લું લોકડાઉન હશે એટલી હૈયાધારણ તો આપવી જ રહી. લોકડાઉન પર પણ રાજકારણ ન જ થવું જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક સમયના એમના સૌથી મોટા સમર્થકો પૈકીના એક ડૉ. સુબ્રમણ્યમ સ્વામીએ ‘રોમાંચ’માંથી બહાર આવી ત્રણ મુદ્દાઓ પર ગંભીર અભિગમ અપનાવવાની સલાહ આપી છે. નાગરિકતા ધારાથી ઊભી થયેલી તિરાડ, ભયંકર રીતે ખાડે ગયેલ અર્થતંત્ર અને કોરોના સંકટ જેવા મુદ્દાઓ પર ગંભીરપણે ધ્યાન આપવાની અને ઍર ઈન્ડિયા વેચી ખાવાના રોમાંચથી બચવાની સલાહ કોઈ વિપક્ષી નેતા નથી આપી રહ્યો, એક સમયનો એમનો સમર્થ પ્રશંસક અને ચમરબંધીનીય પરવા કર્યા વગર સાચું બોલી નાખવાની કુટેવ ધરાવનાર પ્રખર કોંગ્રેસ વિરોધી નેતા આપી રહ્યાં છે! લોકડાઉન સંદર્ભે નેતાગીરીના વિવિધ આયામો ઊપસી રહ્યા છે. કોંગ્રેસ એની એક માત્ર આશા જેવા નહેરુ-ગાંધી વંશી રાજકુમારને ગ્લોબલ લીડર બનાવવા રોજેરોજ રાહુલ ગાંધીની વૈશ્વિક પ્રતિભાઓ સાથેની મુલાકાતો રજૂ કરે છે; રાહુલ ગાંધી પાસે વધુ વ્યાપક અને સંવેદનશીલ નેતૃત્વ મળી રહેવાની સંભાવના છે એવું ભારતીય મતદાતાથી લઈ વિશ્વસ્તરના નેતાઓને ઠસાવવાનો આ પ્રયાસ છે, જે વાહિયાત છે. કોંગ્રેસ દિશાશૂન્ય પાર્ટી બની રહેલ છે એની પ્રતીતિ એકાધિક વાર પ્રજાને થઈ ચૂકી છે. અત્યારે ખરી તકલીફ તો ઘરબંધી ભોગવી રહેલ પ્રજાજનોને છે. પરંતુ સંક્રમણ બેફામપણે આગળને આગળ વધી રહ્યું હોય ત્યારે કેન્દ્ર કે રાજય સરકારો પાસે લોકાડઉન ગાળો વધાર્યા વગર કોઈ વિકલ્પ પણ કયાં બચ્યો હતો ? લોકડાઉન-૩નો આદેશ વડાપ્રધાનના મુખેથી નહીં પણ ગૃહમંત્રાલય દ્વારા કરાયો છે તે જ શું સૂચક નથી ? ત્રણ ઝોનમાં દેશને વહેંચી દઈ રેડ ઝોન સિવાયના વિસ્તારોમાં આંશિક છૂટછાટો અપાઈ છે. આશા રાખીએ કે ૧૭મે પછી લોકડાઉનના ચોથા સોપાનની સરકારને જાહેરાત ન કરવી પડે. એ માટે પ્રજાકીય સ્તરે જે સંયમ-નિયમ પાળવા જરૂરી હોય તે આપણે ઈમાનદારીપૂર્વક પાળી બતાવીએ. આખરે લોકોને લોકડાઉન કરી રાખવા એ સરકારનો શોખ નથી, મજબૂરી છે - એટલું સમજીએ તોય ઘણું.

પ્રિયજનના હૃદયને ટચ કરી શક્યા છે...!



આરપાર
રાઘવજી માધડ

એક વાર અર્જુને એક દિવાલ તરફ આંગળી ચીંધતા ભગવાન કૃષ્ણને કહ્યું હતું :‘હે કેશવ, આ દિવાલ પર એવું કંઈક લખો કે સુખમાં વાચું તો દુ:ખ થાય અને દુ:ખમાં વાંચું તો સુખ થાય !’ અને ભગવાન કૃષ્ણએ લખ્યું હતું : ‘આ સમય પણ જતો રહેશે.’

આજે આપણે સૌ મહામારીનો સખતપણે સામનો કરી રહ્યા છીએ.જિંદગીમાં ક્યારેય જોયો કે ભોગ વ્યો ન હોય એવા કપરા કાળમાંથી સાગમટે પસાર થઈ રહ્યા છીએ.બહાર નીકળવું નથી અને ઘરમાં ફાવતું નથી.અનિવાર્યપણે બહાર નીકળવાનું બનેતો શેરી,સોસાયટીના કૂતરા પણ શંકાની નજરે જોવા લાગે...પણ આ સમય જતો રહેશે. હા,મહામારી વચ્ચે સુખે-દુ:ખે પણ એક માસ જેવો સમય પસાર થઈ ગયો છે.આપણે આ સમય-ગાળામાં શું મેળવ્યું ને શું ગુમાવ્યું...તે અંગે સિંહાવલોકન કે વિહંગાવલોકન કરવા જેવું છે. લોક ડાઉનના પાલન અર્થે આટલા દિવસો ઘરમાં,પરિવાર સાથે રહ્યા તેનાથી આપણામાં કાંઈ ફેરફાર થયો, પરિવર્તન આવ્યું ખરું ? હા,કોઈએ હળવાશથી કહ્યું:‘ઘરકામ ફાવી ગયું !’પણ પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે.સમયોચિત બદલાવ આવવો જોઈએ.જે ગુરુ ન શીખવી શકે તે સમય શીખવી જાય છે.જિંદગીમાં સમયથી મોટો બીજો કોઈ ગુરુ નથી.સમયને ટાળી,વાળી કે ખાળી શકાતો નથી. આવતા સમયમાં કદાચ કોઈ ઘરની ડોરબેલ નહીં વગાડે,સાંકળ નહીં ખખડાવે..કોઈ અંદર નહીં આવે.પછી હાથથી નહીં પણ દૂર રહી માણસ આંખથી મળવાનું રાખશે ! અંતરે રહેવા છતાં, તે અંતરમાં મહેંકતો રહેશે ! પણ આવું તો ઘણું બદલાશે...

લોકડાઉનની અવધિ અવઢવ વચ્ચે ઊભી છે.તેની પ્રસિદ્ધિ પણ મૂંઝવણમાં મૂકી દે છે.સાચું શું..તે નક્કી ન થઈ શકે.પણ સૌએ સંભાળવા જેવું છે.આ વાયરસ આપ મેળે કયાંય ક્યાં જાય છે? તેને પગ નથી. પણ કયાંક તંત્રની તકેદારી,નીતિ-નિયમો અવગણીને આપણે એને સંક્રમિત કરતા હોય એવું લાગે.સ્થિતિ નાજુક ને ગંભીર છે.ભવિષ્યમાં કેવું હશેતે સમય સમજાવશે.પણ જિંદગી ટકાવવી હશેતો ઘરમાં ટકવું પડશે, લોકડાઉનને અનુસરવું પડશે.કદાચ ઘરથી ભટકી,બટકી કે છટકી ગયેલાઓને પાછા ઘરમાં લાવવાની ઈશ્વરની આ સાજિશ પણ હોય !

કાળના પ્રવાહને કોઈ રોકી શક્યું નથી.આ જિંદગી પણ ચાલી જશે.લોકડાઉનની અવધિ લંબાઈ પણ શકે. ત્યારે ધીરજ ધર્યા વગરનો કોઈ વિકલ્પ નથી.ધીરજવાળો ધનવાન ગણાય એવું છે.પણ આપણે પસાર કરેલા સમય-ગાળામાં શું મેળવ્યું ને શું ગુમાવ્યું...એની જાત તપાસ કરવી ઘટે. તપાસના અંતે જે લાધે,પ્રાપ્ત થાય તેના આધારે આવતીકાલ પસાર કરવાનો રસ્તો સૂઝે એવું છે. જિંદગીની પ્રત્યેક પળ અમુલ્ય છે.કરોડો રૂપિયા ખર્ચતા પણ ગયેલી પળ પાછી આવે એવું નથી.ઘણાં લોકોએ આ સમયને મન ભરીને માણ્યો છે.ઘરમાં થઈ શકે એવી મનગમતી પ્રવૃત્તિઓ કરી છે.અને ખાસતો,એક છત નીચે રહેવા છતાં,જાણે વરસોથી વિખૂટા પડી ગયેલા પરિવારને મળ્યા,પામ્યા છે. સ્વજન સાથે સોફામાં સાથે બેઠાં હોવા છતાં,મોબાઈલ દ્વારા અન્ય કોઈને ‘ટચ’ કરવામાં રત રહેતાં અમુક લોકો, પ્રિય એવા પરિવારના હદયને ટચ કરી શક્યા છે...આ સમયગાળાની આથી મોટી બીજી કઈ ઉપલબ્ધિ હોઈ શકે !

છેલ્લે :

સમય નક્કી કરે છે જીવનમાં કોને મળવું,વર્તન નક્કી કરે છે જીવનમાં કોણ રહેશે અને હદય નક્કી કરે છે જીવનમાં કોની ઈચ્છા રાખવી...!

પ્રતિભાવ :
- ra_madhad13@yahoo.com

કોરોના કાળ નહીં : વૈશ્વિક ક્રાંતિ છે

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

કોરોનાને આજે આખું વિશ્વ ‘‘કાળ’’ કહે છે. પણ હું કૉરોનાને ક્રાંતિ કહું છું. કેમ કે સમસ્ત માનવજાતના સ્વભાવમાં પ્રકૃત્તિએ કોઈ મોટા ફેરફાર કરવા હોય તો કૉરોના જેવી મોટી આપદા પણ લાવવી જોઈએ. ભલે હું પણ માનું છું કે આ આખો કારસો ચીને રચ્યો છે. મેં તો કોરોનાના આરંભકાલમાં જ લખ્યું હતું કે આ ત્રીજું વિશ્વયુદ્ધ શરું થઈ ચૂક્યું છે. જેમાં દુનિયા આખી એક તરફ અને એક તરફ ચીન એકલું છે. અને છતાંય જીત ચીનની થઈ છે. અને હજી એ પણ સત્ય છે કે આ કોરોનાકાલ પૂર્ણ થયે આ ત્રીજા વિશ્વયુદ્ધનો બીજો પાર્ટ પણ ચીન સામે ખેલાશે જે આર્થિક યુદ્ધમાં ચીનની હાર અને ભારતની જીત થશે. પણ એ જે હોય તે... આ બધુ વૈશ્વિક પરિસ્થિતિને આધીન છે જેમાં આપણે કશું જ કરી શકીએ એમ નથી.

મિત્રો, આ કોરોનાનું લોકડાઉન તો ખુબ સારું છે કે જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ મળી રહે છે. પણ જો પાકિસ્તાન કે ચીન સાથે યુદ્ધ જાહેર થઈ ગયું કે વિશ્વયુદ્ધ શરું થઈ ગયું અને ઘરમાં રહેવાનું બન્યું ને તો તો ... ઘરમાં રાતે લાઈટો પણ નહી કરી શકાય... સંપૂર્ણ અંધારપટ હશે. અને કોઈ દુકાન પણ નહીં ખૂલી હોય. માટે ઈશ્વરનો આભાર માનો કે જોઈતી ચીજ વસ્તુઓ મળે છે. અને છતાંય આપણી અભણ પ્રજા ઠેર ઠેર જગ્યાએ બહાર નીકળે છે. હજી તો આ વાયરસ સારો છે કે હવામાં બહું દૂર સુધી ટ્રાવેલ નથી કરતો. બાકી હવે આવનારા સમયમાં હવામાં પ્રસરતા વાયરસોનો સામનો પણ કરવો પડશે. ઘરના તમામ બારી બારણા બંધ રાખવા પડશે. હવે એવું પણ બનશે કે નવા મકાનો જમીનની અંદર બનશે. જે બહારના વાતાવરણથી સૂરક્ષિત હશે. જેમાં વાયરસ કે પરમાણું વિસ્ફોટના રજકણોથી સુરક્ષા મળશે.

આ કોરોનાકાળ ખરેખર જોઈએ તો એક ક્રાંતિ છે. જેણે કોઈ એક બે દેશ નહી સમગ્ર વિશ્વના માનવીઓના માનસ બદલી નાખ્યા છે. જે કામ દુનિયાભરના સાધુ, સંતો, પાદરીઓ, ફકિરો. મહાત્માઓ નથી કરી શક્યા તે કામ એક વાયરસ કરી રહ્યો છે. સૌને એક દિશામાં, એક સરખું વિચારતા કરી દીધા છે. આ કોરોના કોઈને સામેથી મારવા પણ નથી જતો. જેઓ શાકભાજી જમ્યા વિના રહી શકતા નથી, જેઓ પાન માવા ગુટકા, બીડી સિગારેટ વિના રહી શકતા નથી અને આ બધુ લેવા બહાર નીકળવું પડે છે એવા લોકોએ જ બહારથી કોરોના લાવીને પોતાના જ પરિવારજનોને સંક્રમિત કર્યા છે. કેમ કે આપણે બે ચાર મહિના શાકભાજી વિના, પાન મસાલા કે બીડી વિના નથી રહી શકતા. જો જીવતા રહીશું તો આ બધું પછી આખી જિંદગી છે જ. પણ અત્યારનો આ સમય કપરો છે. જીવનધોરણ બદલવાનો છે. સ્વભાવ બદલવાનો છે, જાતને તકલીફ આપી ઘડવાનો છે. પણ આપણે પહેલા રહેતા હતા એમ જ રહેવા ઈચ્છીએ છીએ. આપણા જીવન ધોરણમાં કે રહેણીકરણીમાં કોઈ ફેરફાર ના થવો જોઈએ કોરોનાનું જે થવું હોય તે થાય. એવું વિચારીને આપણે રોજ શાકભાજી ખરીદવા,. દુધ દહી લેવા બહાર નીકળીએ છીએ. જે શહેરોમાં કોરોના નથી ત્યા તો ઠીક છે. પણ રેડ જોનવાળા વિસ્તારમાં પણ લોકો બજારોમાં ઉમટી પડે છે. આવી સ્થિતિમાં કોઈપણ સરકાર પ્રજાને બચાવી ના શકે. પ્રજાએ જાતે જ સમજવું પડે. જાતે જ લોકડાઉનનો અમલ કરવો જોઈએ. નહીતર અત્યારે જે મૃત્યુ આંક હજારોમાં છે તે આવનારા નજીકના જ સમયમાં લાખોમાં હશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. વળી આપણી પાસે તો એટલા સંશાધનો પણ નથી. એટલી હોસ્પિટલ્સ, ડોકટર્સ, નર્સ, વેન્ટિલેટર્સ પણ નથી. હજી તો સંક્રમિતોની સંખ્યા ત્રીસ હજારની આસપાસ છે જો આ પાંચ દસ લાખે પહોંચ્યો તો.... ઈટલી અને અમેરિકા કરતા ય ભયાનક દશ્યો આપણે જોવા પડશે. માટે જ્યા સુધી કોરોના છે ત્યા સુધી સંપૂર્ણ ઘરમાં રહો.

આ કોરોનાએ સમગ્ર માનવ જાતને પોતાની જાત સાથે વાત કરવાનો, ઈશ્વરન અસ્તિત્વ અંગે વિચારવાનો, આર્થિક સમૃદ્ધિ અને સેવાકાર્ય વચ્ચેનો ભેદ સમજવાનો, પાપ અને પૂણ્ય વિશે વિચારવાનો, અત્યાર સુધી જીવનમાં શું કર્યુ છે ને હવે શું કરવાની જરુર છે ? આ બધુ વિચારવાનો ઉત્તમ સમય આપ્યો છે. હવે નો યુગ ‘‘ સ્વસુરક્ષા ‘‘નો છે. દરેક વ્યક્તિએ પોતાની સુરક્ષા જાતે જ કરવી પડશે. આ સુરક્ષા બહારના દુશ્મનોથી નહીં પણ આપણી અંદર રહેલા આપણા પોતાના જ દુશ્મનોથી. જેમ કે સવારે ચા વિના ચાલે જ નહીં, ગુટકા ખાધા પછી જ સવારે લેટ્રીન આવે, માવો ખાધા વિના મૂડ નથી આવતો, સવારે દુધ ને નાસ્તા વિના તો ચાલે જ નહીં, જમવામાં તો બે શાક, દાળ ભાત, સલાડ, છાસ... આટલું તો જોઈએ જ, અને સાંજે પણ ગરમ ફૂલ ડીસ જોઈએ. રાત્રે સૂતા પહેલા આઈસ્કીમ કે ડ્રાઈફૂટ કે દૂધનો ગ્લાસ...પણ જોઈએ... આવી બધી ટેવો—કૂટેવો હવે બદલવી પડશે, રોગ પ્રતિકારક શક્તિ વધુ પડતું જમવાથી કે ડ્રાઈ ફ્રૂટ ખાવાથી નથી વધતી. ખરેખર તો એ એક માનસિક શક્તિ છે. દઢ આત્મવિશ્વાસ છે. રોગપ્રતિકારક શક્તિ શરીરની તાસીર પ્રમાણે હોય છે. તેથી હવે લોકોએ જાતને વધારે મજબૂત કરવી પડશે, બને એટલી ઓછી ચીજ વસ્તુઓ વિના ચલાવતા શીખવું પડશે, બહાર હૉટેલનું કે ઓન લાઈન પિઝા પાસ્તા કે ચાઈનીઝ કે નોનવેજ એવું બધુ હવે છોડવું પડશે, કેમ કે હવે માનવ સર્જિત અને કુદરતી આપદાઓ વારંવાર આવશે, જેમાં ખાવા પિવાની, હરવા ફરવાની, મોજ મજા કરવાની આદતોવાળા નહી ટકી શકે, આવા લોકો બિમાર થઈને પહેલા મરશે, અથવા ડરના માર્યા મરશે. અને ઓછામાં ઓછી જરુરીયાતથી જીવી શકનારા, જાતને કન્ટ્રોલ કરનારા કે સહનશક્તિવાળા લોકોને કંઈ નહી થાય. આવા ઘણા સત્યો આ કોરોનાએ પ્રગટ કર્યા છે. જેને આપણે સૌએ જીવનમાં સમજવાના અને ઉતારવાના છે. ચા પાન માવા ગુટકા બીડી સિગારેટ, છોડી દેવા, દિવસમાં માત્ર એક જ વાર જમવાની ટેવ પાડવી. મહિને એક બે દિવસ માત્ર પાણી ઉપર જ રહેવું. પ્રાણાયામ, યોગાસન યોગા કરી શરીરને સ્વસ્થ અને મજબૂત રાખવું. તડકો સહન કરવો, કેમ કે આગામી વર્ષોમાં ગરમીથી પણ લોકડાઉન કરવા પડશે, જે લોકો પ્રકૃતિ સાથે લડશે એ મરશે, જે પ્રકૃતિને પ્રેમ કરશે, સન્માન આપશે તે જીવશે અને જીતશે, હવે લોકોએ આરામની જિંદગી છોડવી પડશે, મહેનત કરવી પડશે, કંઈક નવું વિચારવું પડશે, સંગ્રહખોરી ત્યજીને દાન ધરમ કરવાની ભાવના કેળવવી પડશે,

એક નહી દેખાતા સૂક્ષ્માતિસૂક્ષ્મ વિષાણુંએ સૌને ધોળે દિવસે તારા દેખાડી દીધા છે. આનાથી મોટું બીજું કર્મનું ફળ ક્યૂ હોઈ શકે ? આ કોરોનાકાળમાં જે જે લોકોને જેટલું નુકશાન ગયું છે કે દુઃખી હેરાન પરેશાન થયા છો તે સૌ સમજી લેજો કે એ તમારા જ કર્મોનું ફળ તમને મળ્યું છે. કદાચ પાંચ પચીસ લાખ કે કરોડનું નુકશાન ગયું છે તો સમજી જજો કે ઈશ્વરે તમને માત્ર આર્થિક નુકશાન આપીને મૃત્યુથી બચાવી લીધા છે. ઈશ્વરે તમને સુધરવાની એક તક આપી છે. હવે આ કોરોનાકાળ પછી આખું જીવનધોરણ—વિચારધારા બધું જ બદલવાની જરુર છે. જે બદલાશે એ જીતશે ને જીવશે. બાકીના બીજી ત્રીજી આપદામાં ખતમ...

અનુસંધાન પાના નં ૭ પર

‘ડફલીવાલે’, ‘પાનસિંહ’ના ‘સાત પગલાં આકાશ’માં!

રઝળપાટ
અજય ઉપાધ્યાય

કોરોનાની થપાટ હજુ ઓછી હતી તો બોલીવુડે બે મસ્ત અભિનેતા અને ગુજરાતે એક સંવેદનશીલ લેખિકા ગુમાવી. પહેલા વાત કરીએ ઋષિની. કોઈ એક સમયે ચોકલેટની લાલચે ‘ શ્રી ૪૨૦’ માં એક શૉટ આપવા તૈયાર થયેલા એ ૩ વર્ષના બાળકે લગભગ બે દાયકા સુધી ચોકલેટી હીરો તરીકે પોતાનું સ્થાન મજબૂતીથી જમાવી રાખેલું. જી હા વાત ઋષિકપૂર યાની કી ચિંટુબાબાની થઈ રહી છે. કેન્સર જેવા ઘાતક રોગ સાથે પણ છેક છેલ્લી ઘડી સુધી મોજથી જીવેલા ઋષિની ફિલ્મી સફર પણ એવી જ મોજીલી રહી. જેના દાદા પૃથ્વીરાજ કપૂર અને પિતા રાજકપુર હોય એનો ફિલ્મી પ્રવેશ તો નક્કી જ હોય પણ ઋષિની બાબતમાં એવું થયું કે ‘મેરા નામ જોકર’માં કંગાળ થઈ ગયેલા રાજકપુરે જ્યારે નાણાંભીડમાથી ઊગરવા ટીનએજ લવસ્ટોરી વિચારી ત્યારે બધા એટલા માટે હસતાં હતા કે ત્યારે લવસ્ટોરી તો બનતી પણ પ્રેમીઓ ૩૦-૩૨ની પાકટવયના રહેતા જ્યારે આ તો મહજ ૧૯-૨૦ વર્ષના હીરો હિરોઈન! ખેર, ઋષિની પહેલી ફિલ્મ (એઝ એ હીરો) ‘બોબી’ બની અને સુપર ડૂપર હિટ થવાથી રાજકપુરે આર.કે.ના બેનરની લાઝ તો બચાવી પણ બૉલીવુડને એક શાનદાર - હેન્ડસમ હીરો પણ આપ્યો કે જેણે એ પછી અનેકો વિધવિધ પાત્રો ભજવ્યા.

જુદા જુદા સ્વેટર પહેરવાનો શોખીન ઋષિ કદાચ હિન્દી સિનેમાનો એકમાત્ર એવો હીરો હશે કે જેની સાથે વીસેક જેવી અભિનેત્રીઓએ ડેબ્યું કર્યું હોય. નવી હિરોઈન લોન્ચ કરવાની હોય ત્યારે અચૂક ઋષિનું નામ આવે અને હકીકત પણ એ છે કે ઋષિએ પોતાનું ફિજીક પણ એવું જાળવેલું કે નવી હિરોઈન સામે એ જરાયે ઝાંખો ના લાગતો. ઋષિએ એક અભિનેતા તરીકે ક્યારેય એવો આગ્રહ ના રાખ્યો કે સોલો હીરો ની ફિલ્મ જ કરવી, ઇનફેક્ટ ઋષિએ પોતાની કેરિયરમાં કદાચ સૌથી વધુ મલ્ટીસ્ટારર ફિલ્મો જ કરી છે અને મજાની વાત એ છે કે જ્યારે જ્યારે ઋષિને ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ ફિનિષ્ડ એવું લેબલ માર્યું ત્યારે ત્યારે ઋષિએ કર્ઝ, દિવાના,ચાંદની, સાગર, નગીના, ખુદગર્ઝ, હિના, બોલ રાધા બોલ જેવી હિટ ફિલ્મો આપીને ઈન્ડસ્ટ્રીની બોલતી બંધ કરી નાખેલી. ઈવન કારકિર્દીની બીજી અને પાછલી ઈનિંગમાં પણ ઋષિએ ધમાકેદાર રોલ ભજવેલા. રિતિકની અગ્નિપથનો રૌફ લાલા નો વિલનીશ રોલ હોય કે ૧૦૨ નોટઆઉટમાં વર્ષો પછી અમિતાભ સામે એક્ટિંગ હોય કે પછી ‘ હાઉસફુલ-૨ ‘ નો લાલચી ચિંટુકપૂર હોય કે પછી ‘ સ્ટુડન્ટ ઓફ ધ યર ‘ નો પ્રિન્સિપાલ હોય. બીજી ઈનિંગમાં ઋષિએ ચોકલેટી હીરોથી વિપરીત સારા અને અર્થપૂર્ણ રોલ્સ ભજવ્યા. લગભગ અર્ધી સદીની ઋષિની ફિલ્મીયાત્રામાં ભલે એવું બન્યું હોય કે ઋષિ સતત રાજેશખન્ના કે અમિતાભની જેમ હિટ ફિલ્મો આપીને સુપરસ્ટાર કે એવું કોઈ પદ ના મેળવી શક્યો હોય પણ એટલું તો ચોક્કસ કહી શકાય કે ચોકલેટી ચહેરો, ડાંસિંગ સ્કિલ અને નાના કે મોટા કોઈ પણ રોલમાં પોતાની એક્ટિંગથી છાપ છોડી જવાની ક્ષમતાને લીધે ઋષિ લગભગ દરેક પેઢીના સિનેરસિકોમાં જાણીતો ચહેરો રહ્યો અને એની એકટિંગનો અને એની સ્કીન પ્રેઝન્સનો એક અલગ જ ચાહક વર્ગ રહ્યો અને આ એવર હેન્ડસમ, એવર ચાર્મિંગ ઋષિ કેન્સર જેવી ઘાતક બીમારીમાં ચાહકોને છોડીને ચાલ્યા જવાની ક્ષણ સુધી હોસ્પીટલમાં પણ નર્સો, ડોક્ટરોને પણ એન્ટરટેઈન કરતા રહ્યા....સેલ્યુટ ટુ એ રિયલી ટ્રૂ એન્ટરટેઈનર...!!!

રાજસ્થાનના ટોંક જેવા નાના ગામમાં જન્મેલા અને જોધપુરમાં પહેલીવાર મામાનો નાટકનો શો જોઈને અભિનય તરફ આકર્ષાયેલા એ બાળક નામે ઈરફાનખાને ઋષિકપુરના નિધનના એક દિવસ પહેલા જ જન્નતની વાટ પકડી અને જાણે કે હિન્દી ફિલ્મ જગત આ બેવડો આઘાત પચાવી ન શક્યું. બન્ને ધરખમ અભિનેતાઓને કેન્સર જ ભરખી ગયું. બાળપણમા ક્રિકેટર બનવાના સપના જોનાર ઈરફાને પછીથી દિલ્હીની નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં એડમિશન લઈ લીધું અને એડમિશન માટેની મિનિમમ લાયકાત ૧૦ નાટકોમાં કામ કરેલું હોવું જોઈએ એ વિષે ખોટું બોલેલો જો કે ઈરફાન જેના માટે વધુ મશહૂર થયો એ એની ભાવવાહી આંખો અને ચહેરાને લીધે સિલેક્ટ થઈ ગયા પણ અભિનયની મંઝિલ એટલી સરળ પણ નહોતી. દિલ્હી એન.એસ.ડી. માં સુતપા રૂપે હમસફર તો મળી પણ સફળતા હજુ દૂર હતી. ઈવન ૨૦ વર્ષના ઈરફાનને મિરા નાયરે ‘સલામ બોમ્બે’ માટે સિલેક્ટ તો કર્યો પણ સ્ટ્રીટ ચિલ્ડ્રન ઉપર આધારિત આ ફિલ્મમાં ઈરફાન હાઈટને લીધે મિસફીટ લાગ્યો અને એને નાનો રોલ મળ્યો લેટર રાઈટરનો જેની કોઈએ ખાસ કઈ નોંધ લીધી નહી. જો કે મીરા એ ૧૮ વર્ષ પછી તબ્બુ સાથેની ‘નેમસેક’ દ્વારા ઈરફાનને હીરો બનાવીશ એવું આપેલું વચન પૂરું કરેલું.

‘સલામ બોમ્બે’ ઓસ્કારમાં મોકલાઈ પણ ઈરફાનના લલાટે તો હજુ ઓર મહેનત કરવાનું લખાયેલું હતું. ઈરફાને પછીથી ટીવી તરફ નજર દોડાવી અને ‘શ્રીકાંત’થી ટીવી કેરિયરની શરૂઆત કરી હતી. ત્યારબાદ ‘ભારત એક ખોજ’, ‘ચાણક્ય’, ‘ચંદ્રકાંતા’, ‘સારા જહાં હમારા’, ‘બનેગી અપની બાત’, ‘અનૂગૂંજ’, ‘જય હનુમાન’, ‘શશશ...કોઈ હૈં’ જેવી ઘણી સિરિયલ્સમાં કામ કર્યું પણ એમના જ શબ્દોમાં કે બધામાં એક નું એક કરતાં કંટાળો આવતો અને પાછું દિલ્હી જવાનું મન બનાવી લીધેલ. જો કે ૨૦૦૩માં આવેલી ‘હાંસિલ’ અને પછી ‘મકબૂલ’ થી ઈરફાનનો સિતારો બદલાયો અને પછીથી ‘રોગ’, ‘લાઈફ ઈન મેટ્રો’, ‘સ્લમડોગ મિલિયોનર’, ‘પાન સિંહ તોમર’, ‘ધ લંચ બોક્સ’, ‘સાહબ બીવી ઔર ગેંગસ્ટર રિટર્ન્સ’, ‘યે સાલી જિંદગી’ પીકુ, તલવાર, હિન્દી મીડિયમ, કરીબ કરીબ સિંગલ, વગેરે ફિલ્મોમાં અને હોલિવૂડમાં ‘સ્પાઈડર મેન’, ‘જુરાસિક વર્લ્ડ’, ‘ઈન્ફર્નો’, ‘ધ નેમસેક’‘લાઈફ ઈન પાઈ’,જેવી ફિલ્મોમાં કામ કરીને પોતાની અભિનયકળાનો પરચો વિશ્વને આપ્યો. ઈરફાને કરેલી બધી જ ફિલ્મો સુપરહિટ કે હિટ નહોતી પણ ફ્લોપ ગયેલી કે ઓછી ચાલેલી ફિલ્મોમાં પણ ઈરફાને પોતાની એકટિંગની છાપ છોડેલી. હવે જ ઈરફાનની એક્ટિંગને છાજે એવી ફિલ્મો એને મળતી થયેલી એવામાં જ અભિનયના આ ‘મદારી’ એ આંખો વીચી લીધી. તુમ્હે યાદ રખેંગે ગુરુ !!

આપણા ગુજરાતી સાહિત્યના દિગ્ગજ નંદીગ્રામના સહસ્થાપક અને માનવસેવાની આહલેક જગાવનાર સાહિત્યકાર કુન્દનિકાબેન કાપડિયાએ ગુરૂવારે આઠમું પગલું સ્વર્ગ તરફ માંડ્યુ. લીંબડીમાં ૧૯૨૭માં જન્મેલા અને ગોધરામાં પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ તથા ૧૯૪૮માં ભાવનગર યુનિ.માંથી રાજકારણ અને ઈતિહાસ વિષયો સાથે બી.એ.થયા પછી ‘યાત્રિક’ ને ‘નવનીત’નાં સંપાદક. રહ્યા . એમની પ્રથમ રચના ‘પ્રેમનાં આંસુ’ નામની ટૂંકીવાર્તા છે. એ જ નામે ‘પ્રેમનાં આંસુ’ (૧૯૫૪) ‘વધુ ને વધુ સુંદર’ (૧૯૬૮), ‘કાગળની હોડી’ (૧૯૭૮) અને ‘જવા દઈશું તમને’ (૧૯૮૩) જેવા વાર્તાસંગ્રહો પણ લખ્યા. ત્રણેક અનુવાદો ‘વસંત આવશે’ (૧૯૬૨) ‘દિલભર મૈત્રી’ (૧૯૬૩) અને ‘પૂર્ણકુંભ’ (૧૯૭૭) ઉપરાંત પ્રકીર્ણ લેખોનો સંગ્રહ ‘દ્વાર અને દીવાલ’ (૧૯૫૫), અને પ્રાર્થનાસંકલન ‘પરમસમીપે’ (૧૯૮૨) પણ આપ્યા. એમણે ત્રણ નવલકથાઓ ‘પરોઢ થતાં પહેલાં’ (૧૯૬૮), ‘અગનપિપાસા’ (૧૯૭૨) અને જે નવલકથા દ્વારા કુંદનિકા બહેન ખૂબ જ ખ્યાતિ પામ્યા એ અને પુરુષો વચ્ચેના સંબંધોની સંકુલ અને નાજુક સમસ્યાઓના સંદર્ભે નારીજીવનની વ્યથાને નિરુપતી, સ્ત્રીનું અસ્તિત્વ અને તેની અસ્મિતા વચ્ચેના સંઘર્ષની કથા ‘સાત પગલાં આકાશમાં’ મુખ્ય છે. તેમણે પોતાના ઘણાં ચિંતનાત્મક લખાણો ‘‘ઈશા કુન્દનિકા’’ના નામે લખ્યાં છે. ૐ શાંતિ !!!